# નવરાત્રી ગરબા ક્લાસીસ ખેલૈયાઓથી હાઉસફુલ

## નોરતાને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ગરબા ક્લાસીસથી લઈને શાળાઓમાં પણ ગરબાની તાલીમ અપાઈ રહી છે

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૨

ગર્ભદીપ શબ્દ પરથી ઉતરી આવેલો ગરબો હવે તો ગુજરાતના સીમાડા વટાવી દેશ-વિદેશમાં પ્રચલીત બની ચુક્યો છે. ગુજરાતનું લોકનૃત્ય બની ચુકેલો ગરબો એમ તો દરેક શુભ પ્રસંગે ગવાય છે, રમાય છે. પરંતુ એનો ખરો ઉલ્લાસ અને ઉમંગ તો નવરાત્રી દરમ્યાન જ જોવા મળે છે. નવરાત્રી સમગ્ર ગુજરાતમાં એક સાર્વજનિક પર્વ તરીકે ઉજવાય છે. જેમાં સૌ કોઈ નાતજાતના ભેદભાવ વિના ભાગ લે છે અને મોડી રાત સુધી ગરબે ઘુમવાનો આનંદ માળે છે. આધુનિકતાની હવા સાથે હવે ગરબાના ગીતો અને સ્ટેપ્સમાં પણ પરિવર્તન આવ્યું છે. બોલીવુડના ગીતોથી લઈ ફ્યુઝન કરેલા જુના ગરબાની ધુનો નવરાત્રીમાં ધુમ મચાવે છે અને તેની ફાસ્ટ બીટ પર ગરબે ગુમવા યુવાનો અવનવા સ્ટેપ્સ શીખવામાં પણ ખુબ મહેનત કરે છે.

નવરાત્રી નજીક છે ત્યારે ગરબા ક્લાસીસ ખલૈયાઓથી ઉભરાઈ રહ્યા છે. પરંપરાગત બેઠીક સ્ટેપ્સથી લઈને આ ક્લાસીસમાં દોઢીયુ, પોપટીયુ, પંચીયુ, અઠંગો રાસ, હીંચ, મંજીરા નૃત્ય, ચલતી ઉપરાંત બોલીવુડ ફ્યુઝન સ્ટેપ્સ શીખવવામાં આવે છે. નવા નવા સ્ટેપ્સ શીખવા માટે બાળકોથી લઈને મહિલાઓ, વડીલો, સુદ્ધા ગરબા ક્લાસીસમાં જોડાય છે.

પરંપરાગત ગરબા સહિતના નૃત્યોની તાલીમ આપવા માટેના વર્ગો બેદાયકા પહેલા શરૂ થયા. પ્રારંભિક તબક્કામાં અવસર કલામંદિર, પનઘટ જેવા વર્ગો શરૂ કરીને ફોક ડાન્સ ઉપરાંત અન્ય નૃત્યોની તાલીમ માટે નીતિન દવે, ભાવિન પટેલ, મુંજાલ રાવલ જેવા યુવાનોએ યુવાન હૈયાઓને શેરી ગરબાથી ઉપર ઉઠીને પાર્ટી પ્લોટમાં ગરબા ગાવાનો આગવો આનંદ મેળવવામાં મદદ કરી.

ઈન્ફોસીટી ખાતે ગરબાની તાલીમ આપી રહેલા અવસર કલામંદિરના મુંજાલ રાવલ અને તેમના બે સહયોગીઓ ટ્રેડીશનલ ગરબાની તાલીમ આપીને યુવા વર્ગને વિવિધ સ્ટાઈલ પણ શીખવી રહ્યા છે. તેમના હાથ નીચે ૫૦ થી વધુ ગરબા રસિયાઓ તાલીમ લઈ રહ્યા છે. જેમાં બાળકો અને મહિલાઓની બેચ અલગ રાખવામાં આવે છે.

વેણુભારતીના નીતિન દવે તથા ભિન્ની દવેના જણાવ્યા મુજબ ઓડિયો સિસ્ટમના સથવારે પ્રાચીન ગરબો, રાસ, રાસડો, મયૂર નૃત્ય, હુડો, ગરબી, ટિપ્પણી, આદિવાસી નૃત્ય, હોળી નૃત્ય, બેડા ગરબો, અર્વાચીન ગરબો, ભાંગડા, કોલી નૃત્ય, બામ્બૂ ડાન્સ જેવા નૃત્યો નવરાત્રી દરમિયાન પાર્ટીપ્લોટની શોભામાં પણ વધારો કરતા હોય છે.

સેક્ટર-૨-ડી ખાતે દોઢ દાયકાથી ક્લાસીસ ચલાવતા પ્રજ્ઞાબેન ગજ્જર માટે સમગ્ર વર્ષ પ્રવૃત્તિમય રહે છે. તેઓને વેસ્ટર્ન, ફોક, ક્લાસીકલ, કથ્થક જેવા વર્ગો સતત ચાલુ રહેતા હોય છે. સેવાની ભાવનાવાળા પ્રજ્ઞાબેન મધ્યમ વર્ગ અને શ્રીમંત વર્ગની કન્યાઓને શીખવા ઉપરાંત સેક્ટર-૧૨ ખાતે આવેલા નારી સંરક્ષણ ગૃહમાં પણ સેવાઓ આપી રહ્યા છે. તેઓની ખાસિયત એ છે કે પ્રજ્ઞાબેન માત્ર બાળકો, કિશોરવયના રસિયાઓ ઉપરાંત માત્ર મહિલાઓને નૃત્ય શીખવે છે. માત્ર મહિલાઓ માટેના ગરબા ક્લાસ ગાંધીનગરમાં માત્ર પૂજન હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત ઓમ ડાન્સ એકેડમીના જીગર વસાવા, રીધમના નીરવ લોધ, ડાયમંડના જીગર ત્રિવેદી, પનઘટના ભાવિન પટેલ, આગમનના ચકાભાઈ, અંકિત પટેલ, જયદિપસિંહ, પ્રસંગના મનીષ દેસાઈ, કુમકુમના પ્રવીણદાન, ખેલૈયા ગ્રૂપના યોગેશ શાહ પણ ગરબા સહિતના નૃત્યોની ખાસ પદ્ધતિસરની તાલીમ આપે છે. આ ઉપરાંત નૃત્યશ્રી કલાવૃંદના બેનર હેઠળ પીટર વેસ્લી છેલ્લા ૨૦ વર્ષથી ગરબા ઉપરાંત વિવિધ ફોક નૃત્યોની પદ્ધતિસરની તાલીમ આપી રહ્યા છે. નવા સેક્ટરોમાં નિકુંજ મકવાણા સે. ૨ માં ગરબાની પદ્ધતીસરની તાલીમ આપી રહ્યા છે.

# નગરપાલિકાઓ પાણી-વીજળીના બિલો સમયસર ભરે : કલેક્ટર

## પેયજળના પુરવઠો પુરો પાડતા નેટવર્કનું મેપીંગ કરી આરોગ્ય વિભાગને તાત્કાલિક રજુ કરવા જણાવાયુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાની ચારેય નગરપાલિકાઓને પેયજળ પુરવઠા અંગેના નેટવર્કનું મેપીંગ કરી તાત્કાલિક આરોગ્ય વિભાગને સુપ્રત કરવા તેમજ પાણી પુરવઠાના બિલોના નાણાં સમયસર ચુકવવા અંગેની કડક તાકીદ જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. પી. સ્વરૂપે કરી છે.

જિલ્લામાં સંચારી રોગોને લઈ આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં ચારેય નગરપાલિકાના અધિકારીઓને પેયજળ નેટવર્કના મેપીંગ તૈયાર કરી તાત્કાલિક આપવા જણાવ્યુ હતુ. આ ઉપરાંત જિલ્લા કલેક્ટરશ્રીએ આ નેટવર્કમાં જ્યાં પણ લિકેજીસ જણાતા હોય તો તે તાત્કાલિક દૂર કરી નેટવર્કની ચકાસણી કરવા માટેની પણ કડક સૂચનાઓ આપી હતી.

ડૉ. પી. સ્વરૂપે આ પૂર્વે જિલ્લા સંકલન સમિતિની બેઠક દરમ્યાન પાણી પુરવઠા વિભાગ તેમજ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા બાકી બિલના નાણાંને લઈ કરેલી રજુઆતને પગલે નગરપાલિકાઓને તાત્કાલિક નાણાં ચુકવવા જણાવ્યું હતું.

નગરપાલિકાઓમાં વેરા વસુલાતની નબળી કામગીરીને લઈ નારાજગી વ્યક્ત કરતાં જિલ્લા કલેક્ટરશ્રીએ આ અંગે સઘન ઝુંબેશ હાથ ધરવા માટેની સૂચનાઓ પણ આપી હતી. તેમણે ઈલેક્ટ્રીકસીટીના નાણાં હમાથી પણ સમયસર નહિ ચુકવવામાં આવતા હોવાને મુદ્દે કડક શબ્દોમાં જણાવ્યું હતું કે આ સ્થિતિ કોઈપણ સંજોગોમાં સાંખી લેવાશે નહિ.

તેમણે નગરપાલિકાઓને જણાવ્યું હતું કે સમયસર હમાની ચુકવણી કરવામાં કસૂર રહેવી જોઈએ નહિ. પાણી પુરવઠાના બિલો પણ સમયસર ચુકવવામાં આવે તે જરૂરી છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ નગરપાલિકાના અધિકારીઓને આરોગ્ય વિભાગે માંગેલા મેપીંગની સાથે સાથે ગટરલાઈનોનું મેપીંગ તેમજ જુની થયેલ પાઈપલાઈનોનું મેપીંગ પણ અલગથી રજુ કરવા જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ સંચારી રોગની બેઠક દરમ્યાન કલેક્ટરશ્રીએ પેયજળના પુરવઠાના ક્લોરીનેશન માટે ખાસ આગ્રહ રાખ્યો હતો. ખાસ કરીને કલોલ અને દહેગામમાં પાણીના ક્લોરીનેશન પર વિશેષ ભાર મુકતા તેમણે જણાવ્યું હતું કે ટેસીડ્યુઅલ ટેસ્ટીંગમાં પણ ક્લોરીનેશન દેખાતુ નથી. આ બે શહેરોમાં કમળાના છુટા છવાયા કેસો નોંધાઈ રહ્યા છે ત્યારે તેના પર વિશેષ ધ્યાન આપવામાં આવે તે માટે કડક સૂચનાઓ આપી હતી.

ડૉ. સ્વરૂપે ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યની સેવાઓને લઈ જનજાગૃત્તિ અભિયાન વધુ સઘન બનાવવા પર પણ ભાર મુક્યો હતો. તેમણે ગ્રામ્ય વિસ્તારના ક્લોરીનેશન માટે સરપંચો તલાટીઓ તેમજ તબીબો સાથે મળી આ જવાબદારી ઉપાડે અને નિયમિત રીતે સમયાંતરે તેની ચકાસણી કરે તે જોવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લામાં વધતા જતા ડેન્ગ્યુના કેસોને પગલે એન્ટી લારવેલની કામગીરીને હજુ પણ સઘન બનાવવા માટે સૂચના આપી હતી.

## ખૂણે... ...ખાંચરેથી

- કલોલ ખાતે પૂર્વ સૈનિકોનું સંમેલન યોજાયુ હતુ.
- સ્કાઉટ ગાઈડ સંઘે પણ ગાંધીનગર ખાતે કાર્યાલય માટે મકાન અથવા જમીન ફાળવવા માંગણી કરી છે.
- ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ સેમિનારના આયોજનને લઈ તંત્ર આજે રજાના દિવસે પણ દોડતુ રહ્યું હતુ.
- પ્રસિદ્ધ ભાગવત્ કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા 'પૂ.ભાઈ' ૨૪મીએ ગાંધીનગરના અતિથિ થનાર છે.
- આજે સાંજે શહેરમાં થયેલા વરસાદને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.
- ગાંધીનગર જિલ્લાનો વિજ્ઞાન મેળો દહેગામના પાલુન્દ્રા ખાતે ૨૫મી સપ્ટેમ્બરના રોજ યોજાશે.
- જિલ્લામાં નવનિયુક્ત અધિકારીઓ આજે તેમના નવા હોદ્દાઓના ચાર્જ સંભાળશે.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગરની જાણીતા સંગીત સંસ્થા શીવરંજનીના દશાબ્દી મહોત્સવની ઉજવણીના પ્રારંભે જાણીતા કલાકારો વિભા દેસાઈ, સૌમીલ મુન્શી અને નયન પંચોલીના હસ્તે સ્મરણિકાનું વિમોચન કરાયું હતું. સ્વરોત્સવના પ્રથમ દિવસે 'ઉઘડતા અવાજનું આકાશ' નવા કંઠ અને નવા ચહેરાને પ્રોત્સાહિત કરતો અભિનવ કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થાના પ્રમુખ વાગ્મિનભાઈ ભુચ સહિત પદાધિકારીઓ અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા અનામી મૃતકોના મોક્ષાર્થે શ્રાદ્ધવિધિ અને સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે મુકબધીર, અંધજન શાળા, ઓબ્ઝર્વેશન હોમ, માનવ સ્મૃતિ શાળાના બાળકો અને વૃદ્ધાશ્રમના વડીલોને ભોજન પીરસાયું હતું. આ ઉપરાંત એચઆઈવી અસરગ્રસ્ત અનાથ બાળકોને પણ સામેલ કરાયા હતા. પ્રતિવર્ષ યોજાતા આ અનોખા કાર્યક્રમમાં જુસિકાના કાર્યકરો ઉત્સાહપૂર્વક બિનવારસી મૃતકોના અંતિમ સંસ્કાર બાદ પણ શ્રાદ્ધનું પર્વ ઉજવે છે

# ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રતિષ્ઠાભર્યા ચૂંટણીજંગમાં ગાંધીનગરના છએ છ સાહિત્ય સર્જકો વિજયી

## નગરના વરિષ્ઠ કવિ હરિકૃષ્ણ પાઠક, જાણીતા વાર્તા લેખિકા પ્રજ્ઞા પટેલ, જાણીતા નવલકથાકાર કેશુભાઈ દેસાઈ, યુવા કવિ ધ્વનિલ પારેખ, બાલ કાવ્યના સર્જક ફિલીપ ક્લાર્ક અને કનૈયાલાલ ભટ્ટ ભારે સરસાઈથી વિજયી

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતી સાહિત્ય પરિષદની કારોબારીની ચૂંટણીના પ્રતિષ્ઠાભર્યા જંગમાં ગાંધીનગરના છ સાહિત્ય સર્જકો વિજયી બન્યા છે. સૌથી વધુ મત પીઢ સાહિત્યકાર હરિકૃષ્ણ પાઠકને મળ્યા હતા.

સાહિત્યક્ષેત્રે કાર્યરત ગુજરાતી સાહિત્ય પરિષદની કારોબારીની ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી. કારોબારીની ૪૦ બેઠકો માટે સાહિત્યકારો વચ્ચે રોચક જંગ ખેલાયો હતો. ૪૦ બેઠકો માટે ૬૨ સાહિત્યકારોએ ઉમેદવારી નોંધાવી હતી.જેમાં ગાંધીનગરના છ સાહિત્યકારોએ પણ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. સાહિત્ય પરિષદની ચૂંટણીના પ્રતિષ્ઠાભર્યા જંગમાં ગાંધીનગરના સાહિત્યકારોએ મેદાન માર્યુ હતુ. ઉમેદવારી નોંધાવનાર છ એ છ સાહિત્યકારો વિજયી બન્યા છે.

ગાંધીનગરના વિજયી સાહિત્ય સર્જકોમાં સૌથી વધુ મત હરિકૃષ્ણ પાઠકને ૭૧૯ મળ્યા હતા. ત્યારબાદ પ્રજ્ઞા પટેલને ૬૫૨, ધ્વનિલ પારેખને ૬૨૬, કેશુભાઈ દેસાઈને ૬૧૫, ફિલીપ ક્લાર્કને ૫૯૬ અને કનૈયાલાલ ભટ્ટને ૫૪૦ મતો મળ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી હરિકૃષ્ણભાઈ પાઠક સાહિત્ય પરિષદના મંત્રી અને ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી ચુકયા છે. આ ઉપરાંત આ વર્ષે તેમને નરસિંહ મહેતા એવોર્ડ થનાર છે. નગરના યુવા કવિ ધ્વનિલ પારેખ ગૌરવ પુરસ્કારથી સન્મિનાત થયા છે. પ્રજ્ઞાબેન પટેલ જિલ્લા માહિતી અધિકારી ઉપરાંત નગરની વિવિધ સંસ્થાઓમાં સક્રિય છે. કેશુભાઈ દેસાઈ જ્ઞાનપીઠ એવોર્ડ પસંદગી સમિતિના સભ્ય છે.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ માર્કાના સ્ટીલ્ડ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વાજબી ભાવે મળશે

લીકેજ-મુક્ત ઘરો માટે
SEAL & DRY
Waterproofing du champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૬૨૫૦ ૩૬૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

Y.A. MANSURI M. : 9824049503
SANJAY S. SHAH P.Manishbhai Medical
Since 1986
॥ अभय ॥
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage • Exhibitions • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-25, Gandhinagar.
Ph. : 079-232 87364, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Chanpur, Ahmedabad. Ph. : 079-25825340
email : info@abhaydecorators, www.abhaydecorators.com

Now, you can double your kitchen storage!
RAJDHANI HARDWARE

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com